# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 15-09-2026** **Midday : 2.30 to 2.35 pm**

**Day : TUESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

---

**(સમાચારને અંતે)**

**આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતા. આ સમાચાર નું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.**

---------------------------------------------------------------------

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# GUJARAT WCEF

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કેન્દ્રીય પર્યાવરણ મંત્રી ભૂપેન્દ્ર યાદવની ઉપસ્થિતિમાં આજે ગાંધીનગરમાં વિશ્વ ગોળાકાર અર્થતંત્ર મંચનું ઉદ્ઘાટન કર્યું. આ પ્રસંગે શ્રી યાદવે આવનારી પેઢીઓ માટે મહત્તમ સંસાધનોની બચતને જ ગોળાકાર અર્થતંત્રની સફળતા ગણાવી. તેમણે કહ્યું , ગોળાકાર અર્થતંત્રનો અર્થ માત્ર કચરાના નિકાલ કે રિસાયક્લિંગ પૂરતો મર્યાદિત નહિ , પરંતુ તે સંસાધનોના સમગ્ર જીવનચક્રને વધુ કાર્યક્ષમ-ટકાઉ બનાવવાની વ્યાપક વિચારધારા છે. તેમણે ટકાઉ વિકાસ માળખામાં ગોળાકાર અર્થતંત્રના સિદ્ધાંતોને સમાવિષ્ટ કરવાની ભારતની પ્રતિબદ્ધતા પર પણ ભાર મૂક્યો. કાર્યક્રમ દરમિયાન શ્રી પટેલે જણાવ્યું આ મંચ - ગુજરાતને પોતાની શ્રેષ્ઠ પ્રથાઓ વિશ્વ સમક્ષ રજૂ કરવાની અને વિશ્વની શ્રેષ્ઠ પ્રથાઓમાંથી શીખવાની તક પૂરી પાડશે.

**(BYTE: BHUPENDRA PATEL, CHIEF MINISTER)**

આ મંચમાં અંદાજે 66 દેશોના બે હજારથી વધુ હિસ્સેદારો સહભાગી થયા છે. આ દરમિયાન આંતરરાષ્ટ્રીય એક્સ્પોમાં 125થી વધુ પ્રદર્શનકર્તાઓનું સર્ક્યુલરિટી સોલ્યુશન્સનું પ્રદર્શન યોજાઇ રહ્યું છે.

# ASHWINI VAISHNAV

કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવ આજે વીડિયો કોન્ફરસિંગના માધ્યમથી ગુજરાતને વિવિધ રેલવે વિકાસકાર્યોની ભેટ આપશે. તેઓ સોલ્ટ કન્ટેનર ટ્રેનને લીલીઝંડી આપશે. તેઓ શિવલખા , ભીમાસર, દેવળિયા અને ચંદીસર ખાતેના ચાર ગતિશક્તિ કાર્ગો ટર્મિનલને રાષ્ટ્રને સમર્પિત કરશે. ગોપાલપુર રેલવે સ્ટેશનનું ઉદ્ઘાટન , અંજાર રેલવે સ્ટેશન પર ભુજ-શાલીમાર એક્સપ્રેસના સ્ટોપેજનો પ્રારંભ કરાવશે.

# SEWA SANKALP

સેવા સંકલ્પ અભિયાન ' અંતર્ગત ગોંડલથી પ્રસ્થાન થયેલી "સોમનાથથી વડનગર બાઇક યાત્રા " જસદણ તથા વિંછીયા પહોંચી હતી. જ્યાં આટકોટ , જસદણ તથા વિંછીયા ખાતે બહોળી સંખ્યામાં નાગરિકોએ ઉપસ્થિત રહી મંત્રી કુંવરજી બાવળીયા , રિવાબા જાડેજા તેમજ સાંસદ જીતેન્દ્ર કણજારીયા સહિત મહાનુભાવો અને બાઈક યાત્રામાં જોડાયેલા યુવાનોનું સ્વાગત કર્યું હતું. મહાનુભાવોએ તેમજ સ્કૂલની વિદ્યાર્થિનીઓએ યાત્રાનાં કળશમાં જળ અર્પણ કર્યું હતું.

# GUJARAT RAIN

દક્ષિણ અને ઉત્તર ગુજરાત તેમજ સૌરાષ્ટ્રને બેટિંગ કર્યા બાદ આજે મેઘરાજાએ કચ્છને ધમરોળ્યું છે. માંડવી આજે વહેલી સવારથી અત્યાર સુધી સાત ઇંચ વરસાદ ખાબક્યો છે. મુંદ્રામાં પણ દોઢ ઇંચ વરસાદ વરસ્યો છે. દરમિયાન નખત્રાણા , અબડાસા અને ભુજમાં પણ એક ઈંચથી વધુ વરસાદ નોંધાયો છે.

દરમિયાન અત્યાર સુધી મોસમનો કુલ સરેરાશ 84 ટકા વરસાદ નોંધાયો છે. બીજી તરફ હવામાન વિભાગે આજે કચ્છ ઉપરાંત સૌરાષ્ટ્રના મોરબી , જામનગર, દેવભૂમિ દ્વારકા, રાજકોટ, જુનાગઢ અને પોરબંદરમાં ભારે વરસાદનું યલો એલર્ટ જાહેર કર્યું છે

# BHAVNAGAR PARYUSHAN

ભાવનગર શહેરના ઘોઘા રોડ , મંત્રેશ સર્કલ પાસે જૈન સોસાયટી ખાતે પવિત્ર અને આત્મશુદ્ધિના મહાપર્વ પર્યુષણ પર્વની અતિ ઉત્સાહ , શ્રદ્ધા અને ભાવભક્તિ સાથે ઉજવણી કરવામાં આવી. પર્યુષણ પર્વ નિમિત્તે ભાવનગર મધ્યે બિરાજમાન ગચ્છાધિપતિ પ.પૂ. આચાર્ય ભગવંત શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબ, પ.પૂ. આચાર્ય ભગવંત શ્રી વિજય રાજહંસસૂરીશ્વરજી મહારાજ સાહેબ તથા આદિ આચાર્ય ભગવંતશ્રીઓના શુભાશિષ પ્રાપ્ત થયા હતા. સોસાયટીના શ્રાવક-શ્રાવિકાઓ દ્વારા વિવિધ પ્રકારની તપશ્ચર્યા અને ધાર્મિક આરાધના કરવામાં આવી હતી. સમગ્ર પર્વ દરમિયાન નિત્ય વ્યાખ્યાન, સામાયિક, પ્રતિક્રમણ તથા સ્વાધ્યાય જેવા ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા.

# KABADDI TEAM

ભારતની કબડ્ડીની ટુકડી 20મી એશિયન ગેમ્સમાં ભાગ લેવા માટે આજે રવાના થઈ છે. ગાંધીનગર ભારતીય રમત ગમત સત્તામંડળ ખાતે પુરુષ અને મહિલા એમ બંને ટીમનો વિદાય સમારોહ યોજાયો. દરમિયાન ખેલાડીઓમાં એશિયન ગેમ્સને લઈને ભારે ઉત્સાહ જોવા મળ્યો. આ પ્રસંગે મહિલા ટીમના કેપ્ટન પુષ્પા રામાએ વધુ માહિતી આપી.

**(BYTE: PUSHPA RAMA, KABADDI CAPTAIN)**

# DANG YUNAM

ડાંગના સાહસિક યુવાન અનિલ ગવળીએ હિમાચલ પ્રદેશનું છ હજાર 111 મીટર ઊંચું 'માઉન્ટ યુનામ ' શિખર સર કર્યું. ડાંગની એક સંસ્થાની 12 સભ્યોની સાહસિક ટીમ પૈકી 11 સભ્યોએ સફળતાપૂર્વક ચઢાણ કરી રાષ્ટ્રધ્વજ તિરંગો લહેરાવ્યો છે.